**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**
**અમદાવાદ શહેર (P.R.O.)**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,**
**૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૧/૦૧/૨૦૨૪   સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૦૧/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩૪ કેસ કરી, ૧૨૬ વ્યક્તિઓને ઝડપી, ૩૨૩ લીટર દેશી દારૂ, ૮૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૫૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧ બિયર ટીન, ૩ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૦૨/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીઃ-   સમાચાર યાદી નં.૦૩/૨૦૨૪

**નવરંગપુરાઃ** અશ્વિનભાઈ જયંતીલાલ પાટડીયા (ઉ.વ.૫૦) (રહે. પાર્થ એપાર્ટમેન્ટ જનકપુરી સોસાયટી સામે કેશવનગર સાબરમતી સેન્ટ્રલ જેલ રોડ સુભાષબ્રીજ) એ તા.૩૧/૧૨/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નવરંગપુરા સીજી રોડ સન સ્કવેર કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફલોર દુકાન નં-૨ ખાતે આવેલ સ્પાર્કલ ફાઈન જવેલરી સ્ટુડીયો નામની અશ્વિનભાઈ પાટડીયાની દુકાનમાં નોકરી કરતા દિપકભાઈ સોમાભાઈ પંચાલ (રહે. સુવર્ણ એપાર્ટમેન્ટ વિભાગ-૨ નિર્ણયનગર રોડ રાણીપ) તા.૧૪/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન દુકાનમાંથી ૨૨ કેરેટના સોનાના દાગીના જડતરવાળા સેટ નંગ-૨ કિમત રૂપિયા ૫૮,૭૪,૦૮૭/- લઈ જઈ અન્ય વ્યક્તિને વેચી ખોટા બીલ બનાવી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.બલાત ચલાવે છે.

**મંદિરમાંથી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૦૪/૨૦૨૪**

**અમરાઇવાડીઃ** ઇશ્વરદાસ વિરદાસ સાધુ (રહે. નરસિંહનગર વિભાગ-૧ સ્વસ્તિક ચાર રસ્તા પાસે અમરાઇવાડી) એ તા.૩૧/૧૨/૨૦૨૩ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છે તા.૩૦/૧૨/૨૦૨૩ સાંજના ૭/૩૦ થી તા.૩૧/૧૨/૨૦૨૩ કલાક ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અમરાઇવાડી સ્વસ્તિક ચાર રસ્તા પાસે નરસિંહનગરના ગેટની બાજુમાં આવેલ મેલડીમાતાના મંદિરના દરવાજાનું તાળૂ તોડી અજાણી વ્યક્તિ મંદિર માંથી પિત્તળના ઘંટ નંગ-૨, સોનાનો મુઘટ, ચાંદીનુ મંગળસુત્ર, ચાંદીનુ છત્ર તેમજ દાનપેટીમાંથી રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૭,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એન.ઝવેરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૦૫/૨૦૨૪**

**નારોલઃ** રજની ઉર્ફે લક્ષ્મી ડો/ઓ સુરેશસિંહ રાઠોર (ઉ.વ.૧૨) (રહે. શાંતિશુક્ર ફ્લેટ હાઇફાઇ ચાર રસ્તા શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૨/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી